

ૐ

176

સત્પંથિયોનું કર્મ

એટલે

સદ્ગોરની શિખામણ અર્થ સાથે

રૂ. ૦-૬-૦



ૐ

સત્પંથિયોનું કર્મ

અટલે

સદ્‌ગોરની શિખામણ અર્થ સાથે

રૂ. ૦-૬-૦

ॐ

સત્પંથિયોનું કર્મ

એટલે

સદ્ગોરની શિખામણ અર્થ સાથે.

લેખક ને પ્રકાશક,

સૈયદ બાવા સાહેબ અહમદઅલી (ખાકી)

મુ. પીરાણા.

આવૃતી પહેલી. પ્રત ૫૦૦.

સંવત [illegible]

દર્શન લાભ રૂ. ૦ા=

ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
શા. મોહનલાલ ચીમનલાલે છાપ્યું—અમદાવાદ.

સત્પંથના હિતેચ્છુઓને ખાસ સૂચના.

ધર્મનું રક્ષણ તેજ કરી શકે છે, કે જેની રગે રગે ધર્મ વ્યાપી રહ્યો છે. પોતે ધર્મરૂપ થઈ ગએલા છે. જે ધર્મરૂપ થઈ જાએ છે, તેવાઓજ ધર્મ સંસ્થા કે, ધર્મનુ રક્ષણ કરી શકે છે, પણ ભાઇઓ ! જેઓ પ્રપંચ ને માયાનાં કાવાદાવામાં રમે છે, ક્રિયા ભ્રષ્ટ થઈ માદક પદાર્થોનું સેવન કરે છે, તેવા દુષ્ટો અને ચંડાળ પુરૂષોથી કદીપણ ધર્મનું રક્ષણ થાતું નથી. તેથી તો ધર્મનું નાશજ થાએ છે, તો તેવા દુષ્ટોને સત્વર ત્યાગીજ દેવા.

ક્રિયાભંગ (લોપ) કરનાર પુરૂષો સત્પંથનાં અંગનું છેદન કરનારાજ ગણાય. અંગ પ્રતિ અંગો કપાતા, આખું એ શરિર નાશ પામે છે. જેથી અંગ છેદનારાજ સત્પંથનાં શત્રુ લેખાએ, એ સત્પંથનાં શત્રુનાં હાથમાં સત્પંથનું નાવ જો સોંપાએ તો જરૂર નાવ બુડવાનુજ. તેથી મારા વ્હાલા. સત્પંથી બંધુઓ ! સત્વર જાગૃત થઈ સત્પંથની સંસ્થામાં ખાવાની લાલશાએ ગરી જઈ લપટાઈ રહેલા પ્રપંચી ઠગો, ઢોંગી બનેલા સુકાનિ ને ઝટ દૂર કરી, તમારૂ ફીટી (તુટી) જતું નાવડુ (ક્રિયા ભ્રસ્ટ) શત્રુના હાથમાંથી બચાવો, નહિ તો નાશ ઢુંકડો છે.

અનુક્રમણિકા.

સત્પાંથિયોનું કર્મ.

સત્પંથના મુખ્ય પાંચ નિયમ.

૧ શરિર શુદ્ધી. ૨ હૃદય શુદ્ધી. ૩ વર્તદાન. ૪ ઉપાશના.
૫ ધ્યેય.

૧ શરિર શુદ્ધી અર્થે, લાઇસુતક્ (રજસ્વાલાથી મરણ પર્યંતના સ્નાદિ પ્રયોગો) શ્રી ઇમામગોરની આજ્ઞા પ્રમાણે ઉતરાવવા તથા પાળવા.

૨ હૃદય શુદ્ધી અર્થે, માદક પદાર્થોનું ત્યાગ. (લશણ, ડુંગલી, હીંગ, અફીણ, ચડશ, માઝમ, ગાંજો, ભાંગ, તાડી, તમાકુ, મૌંસ, મદિરાદિ સર્વે પ્રકારના ત્યાગવા) શ્રી ઇમામગોરના વચનાનું કુળ.

૩ વર્તં, દાન, અર્થે, શુક્રરવારી બીજ (બારપોરી) અને દશાંસ (કમાઇનો દશમો ભાગ) શ્રી ઇમામ-ગોરના વાકયાનુંસાર પાળવી ને દેવી.

૪ ઉપાસના અર્થે, સંધ્યા (ચાર વખત) પુજા (ઘ-
ટાપટાદિ સાથેની ક્રિયા) શ્રી ઇમામગોરની વાણી
અનુકુળ કરવી.

૫ ધ્યેય અર્થં, (આજ પ્રચાલત સમેનાં ધ્યેય પુરૂષ) શ્રી
નિષ્કલંકી નારાયણ (તેજ પરમ નિરંજનનાં નુરકે [રૂપ] ૯
સમૂજી પુરી રીતે) શ્રી ઇમામગોરનાં વચનાનુસાર માનવું.

સંપુરણ.

ૐ

સદ્ગોરની શિખામણ.

ફર્માનજી બિસ્મિલ્લા હિરેંહ માંનિર્રહીમ.

[1]સદ્ [2]ગોર [3]તણી [4]શિખામણ સાચી,
સાંભળો [5]રૂષિવર [6]એકાન્તિ. ૧
દિન[7] [8]પર્તે કરો [9]ધામસું [10]ધંધા, ૦

૧ સદ્-સાચા, ઉત્તમ, પવિત્ર. ૨ ગોર-ગુરૂ બોધક, પીર, બ્રહ્મા, નબી ૩ તણી—ની. ૪ શિખામણ—સમજણ—ઉપદેશ, ભલીવાત, હિતકારી વચન. ૫ રૂષિવર—રૂષિઓનાં સરદાર, મહાન જ્ઞાની, તપેશ્રી, સત્યપંથી ૬ એકાન્તિ—શાંન્ત થઈ, મનમાંથી બીજી વાતો કાઢી, મનની એકાગ્ર દ્રષ્ટિએ. ૭ દિન—દિવસ. ૮ પ્રતે—પ્રતેક—હરેક—બધા. ૯ ધામ—શાન્ત રહી, ઠેકાણે રહી, શાસ્ત્રે બતાવેલી હદમાં રહી. ૧૦ ધંધો—રોજગાર. કામ, વેપાર, ખેતી. મુલી.

[11]સાંજ પડે થાએ! [11]સાહેબના [12]બંદા. ૨
કોઈ કેની નાં કરશો નિંદા.
જઇ [13]ગતૂમાં ને કહો [14]હે જંદા. ૩
ગોર [15]મુખે તમે રહોરે બંદા,
[16]રૂખિવર કેરી ચેહી [17]સંધ્યા. ૪
એમ [18]વંદો [19]સંધા રૂખિવર ભાઇ, ૫

૧૧ સાંજે–રાત. ૧૧ સાહેબ–ધણી, માલિક, શાહેબજી, ખુદા. ૧૨ બંદા–તાબેદાર, બંદગી કરનારા, ભક્તિ કરનારા ભક્ત. ૧૩ ગત=સત્પંથિયોનો ધર્મક્રિયા કરવા મળેલો સમુહ. ૧૪ હેજંદા–હમેશાં કાયમ રહેનાર, અમ્મર આત્મા, અખંડ, અભંગ. ૧૫ મુખે–મોઢે–મુખીનેઆધીન. ૧૬ રૂખિવર રૂખિયોથી શ્રેષ્ટ–રૂખિયોનો સરદાર. ૧૭ સંધ્યા=દિવસમાં સંધે ગંધે કરવાના ભક્તિ વખત=નિમાજ. ૧૮ વંદો=વખાણ કરો, ભજો. ૧૯ સંધા–સર્વે–સઘળા, બધા.

મેલો [20]ક્રોધ [21]નવ કરશો [22]ઇર્ષાઈ. ૫
મન મારોતો [23]મુમ્તા [24]મૂઇ,
[25]ધર્મ શાળામાં નવ રહેવું [26]સૂઈ. ૬
ધર્મશાળામાં પરવાત ન કરશો,
[27]અહાર ઘણું કરી પેટ ન ભરશો. ૭
ભરશો પેટતો [28]ભારી થાશો,
આવશે નિંદ્રા[29] પછી [30]પસ્તાશો. ૮

૨૦ક્રોધ=ગુસ્સો, ઝનુન.૨૧ નવ=નહિ. ૨૨ ઇર્ષા=દ્વેષભાવ, અદેખાઇ, કોઇનું સારૂ જોઇને બળવું. ૨૩. મુમતા=મમત્વ, અહમ્પણું=ખુદી=જીહૂ=હુઠુ ૨૪.મૂઇ=મરી. ૨૫ ધર્મશાળા=ધર્મનુ શિક્ષણ મળવાની જગો. ખાનું-મંદીર, પોશાળ,મસીન ૨૬ સૂઈ=ઉંઘી, નિદ્રાધિન. ૨૭ અહાર=ખોરાક, ખાવાનું. ૨૮ ભારી=વજનદાર: આળસુ, ઉંઘણુ. ૨૯ નિદ્રા=ઉંઘ. ૩૦ પસ્તાશો=વિમાસણમાં પડશો, દુઃખી થાશો, સાંસો પડશે.

[31]હલવે પેટે [32]હાંશલ થાશે,
[33]જાગતાં [34]ઝીતશો સહ્ગોરની સાથે. ૯
[35]વડા [36]મોટાની [37]અદબે રહેજો,
મોટા તણા બે [38]અવ્ગુણ [39]સેહજો. ૧૦

---

૩૧ હલવે=હલકે થોડા ભારથી. ૩૨ હાંશલ=લાભ, ફાયદો. ૩૩ જાગતાં=ભક્તિ કરતા, જ્ઞાને હુંશિર થઇ. જ્ઞાનીપણાથી. ૩૪ ઝીતશો-ફાવશો, લેશો, લાભશો. ૩૫ વડા=વડેરા=મોટા=વડિલ. ૩૬ મોટા=મોટીપદ્વિવાળા ઉત્તમ, ઉંચા સત્તાવાલા. ૩૭ અદબે=આમા-યામા, શરમે, માપે. વેણુ પાળવો, આજ્ઞાધિન મોટપ મોટાની જાળવવી, ને તેઓની જોતાં કાંઇ અપકૃત, ખોટી વાત, કે બિભસ્ત, ચાળા, હાંશી, મઝાકની વાતો ન કરવી. ૩૮ અવૃગુણ=નુકશાન, ખોટ ૩૯ સેહજો=ખમજો, વેઠજો, ઉપાડજો.

[૧]દાહાડે વડો તેને વરપ કરી જાણો,
બોલો [૨]મીઠાં [૩]વચને [૪]પ્રેમ [૫]આણો. ૧૧

આપણથી જે નાનેરો ભાઇ,
તેને બોલાવો મોટેરો કહી. ૧૨

મીઠે વચને બોલો [૬]વીરા,
તમ્ મૂખે તો [૭]ઝલ્કે હીરા. ૧૩

સદ્‌ગોર મળ્યાનો એછે [૮]ભેદ,
રૂષિવર, રૂષિવરનો નાં કરશે [૯]ખેદ. ૧૪

---

૧. દાહાડે વડો=એક દિવસ મોટો. ૨ મીઠા=વ્હાલા, હેત ઉપજે તેવા, જેમાં ક્રોધ કે ખાર, વેહર ન હોય તેવા. ૩ વચને=શબ્દે, વેણે. ૪ પ્રેમ=હેત ૫ આણો=લાવો. ૬. વીરા=ભાઇ. ૭ ઝલ્કે=ચમકે=શોભે. સારા-લાગે. ૮ ભેદ=મર્મ=ઓળખાણની નીશાની, એંધાણ, ચિન્હ. ૯ ખેદ=દુઃખી, પજવણી, સંતાપ.

શાંભળે [10]રૂડું ને [11]ઓચરે [12]કૂડું,
[13]નિશ્ચે તેનું થાશે [14]ભૂંડું. ૧૫
આળશ [15]નિંદ્રા ન કરવી જાણી,
જૂઠ તજો [17]વેદ [18]વચન પ્રમાણી. ૧૬
કૂડ કપટ [19]સર્વે નાખો કાઢી,
[20]અમીરસ પી [21]નિશાની લો [22]દહાડી. ૧૭ ૮

---

૧૦ રૂડું=ઉત્તમ. સાચું. ૧૧ ઓચરે=બોલે. ૧૨ કૂડું=જૂઠું. ૧૩ નિશ્ચે=નક્કી, ખચિત. ૧૪ ભૂંડું=ખોટું=જૂઠું=ખરાબ. ૧૫ આળશ=સુસ્તી, ઢીલ, કાહેરપણું. ૧૬ નિંદ્રા=ઉંઘ. ૧૭ વેદ=સત્ય પ્રકાશ કરનાર શાસ્ત્ર. (રૂગ, યજુર, સામ, અથર્વ.) ૧૮ વચન=વાણી=શબ્દ=વાકય, આજ્ઞા. ૧૯ સર્વ=તમામ, બધા, ૨૦ અમીરસ=નુર, અમી. ૨૧ નશાની=એંધાણી=પ્રશાદી. ૨૨ દહાડી=નિત્ય=હંમેશાં.

ધ્રર થઈ [23] ધર્મશાળામાં આવો,
[24]ઉપજાવી [25]ભાવ નિશાની લાવો. ૧૮
[26]સંપત ઉપજે તે તમે લાવો,
[27]મુખી સાથે નવ કરશો [28]દાવો. ૧૯
દાવો કરે [29]દુનિયાને [30]ભાવે,
આવે [31]દારિદ્ર [32]દેવ નહિ [33]પાવે. ૨૦

૨૩ ધર્મશાળા—ધર્મક્રિયા કરવાનું ધ્રર—ધર્મિયોને મળવાનું ઠેકાણું. ૨૪ ઉપજાવી—નિપજાવી=બનાવી. ૨૫ ભાવ=હેત=પ્રેમ. ૨૬ સંપત ઉપજે—બની શકે તેટલું. ૨૭ મુખી—ગોરતોમુખ—મહગોરનોપ્રતિનિધી. ૨૮ દાવો—વોદ, વાંધો, કજીયો. ધણીપણુ કરવું ૨૯ દુનિયા—જગત માયાવી પ્રબધ, સ્વતાની મોહ. ૩૦ ભાવે—ભાવનાએ, ઇચ્છાએ. પ્રેમે. ૩૧ દારિદ્ર—ગરિબાઇ—ભૂખ. ૩૨ દેવ—મોક્ષ પુરૂષો. ૩૩ પાવે—જડે—મળે.

[34]અધર્મિ ને [35]ઉણિયા આચારી,
જાણ્યું અજાણ્યું તે દે [36]પચારી. ૨૧

[1]સુતક [2]લાઇ [3]ભર્યાં જો રેહશો,
[4]હાણ ઉપજશે બહુ દુઃખ [5]સેહશો. ૨૨

---

૩૪ અધર્મિ-ધર્મિ નહિ તે-પાપી, દુષ્ટ. ૩૫ ઉણિયા આચારી-નિચા ઉ
કૃતવ્ય કરનારા-ક્રિયા આચાર નહિ પાળનારા. ૩૬ પચારી-વધારી, પોતાના
વતીનું જોડાણ કરી, ચાવી કરાવી ચાવી ઘણી વખત.

૧ સુતક=મરણ, જન્મ, રજસ્વલાદિની અપવિત્રતાઇ, ૨ લાઇ=રેષો=
દુષ્ટ અહાર વ્યભિચારાદિ દુષ્ટ કર્મોના પાપો. (લાઇ, સુતકને એગો અર્થ
પણ કરે છે, એકજ રીતે વાપરે છે.) ૩ ભર્યા=ભરેલા, વાલ. ૪ હાણ=નુ-
કશાન, ખોટ. ૫ સેહશો=વેઠશો, ભોગવશો.

અમી નિશાની નહિ લો [૬]દહાડી,
સદ્દગોર મેલશે ગત્‌માંથી કાઢી. ૨૩
ધર્મી [૭]ધીંગાણાની વાત નાં જાણે,
અધર્મિ મનમાં [૮]ઓછું [૯]આણે. ૨૪
[૧૦]જ્ઞાન [૧૧]ધ્યાનમાં જૂઓ વિચારી,
[૧૨]હાણ [૧૩]વર્ધને જુઓ તપાશી. ૨૫

---

૬ દહાડી=હરહમ્મેશ, નિત્ય. ૭ ધિંગાણા=લડાઇ=ફિસાદ=કજીયા. ૮ ઓછું=હલકું=ટૂંક ="વિચાર=કુબુદ્ધિ. ૯ આણે=લાવે, વાપરે. ૧૦ જ્ઞાન=શાસ્ત્ર, વેદ, સમજણ, વિવેક. ૧૧ ધ્યાન=ઊંડા વિચારે=અંતર દ્રષ્ટિએ. ૧૨ હાણ=નુકશાન. ૧૩ વર્ધ=નફો, લાભ.

ધ્યાન ધરી તમે ઝાલો [14]સ્મરણી,
છાના છુપા કરો ઓત્તમ કરણી. ૨૬
એવા ગુણ [15]ગંભિરે ભરિયા,
રૂખિવર પાળો [16]સોએ ક્રિયા. ૨૭
(પ્રથમ) [17]હ્રદય ધોઈ [18]નિર્મલ કરવું,
બીજી ક્રિયા નિત્ય નાહીને જમવું. ૨૮ ૬
સત્યે [19]ચાલવું રાતને [20]દિસે.
તેમાં સાચું બોલવું [21]નિશ્ચે. ૨૯

૧૪ સ્મરણી=માલા, તસ્બી. ૧૫ ગંભિરે=શાન્તતાએ, શાન્ત પ્રકૃતિ. ૧૬ સોએ ક્રિયા=સોએ આચારો=સો નિયમો. આજ્ઞાઓ. ૧૭ હ્રદય=દિલ. ૧૮ નિર્મળ= પવિત્ર–ચોખ્ખું. ચાલવું=વર્તવું, પાળવું, ૨૦ દિસે= દિવસે. ૨૧ નિશ્ચે નક્કી=અચિન્ત.

દયા રાખવી દિલમાં જાણો,
[22]સપાત્રને દાન દેવું [23]પ્રાણી. ૩૦

પરદુઃખ જાણી પાસે રેહવું ભાઈ,
મોટાને તો માનવા સહી. ૩૧

મોટાઇનો મન [24]ગર્વ નાં કરવો,
દશામી ક્રીયા જે ક્રોધ ના ધરવો. ૩૨

ધર્મતણું [25]આળશ નવ કરવું,
[26]સર્જ્યા સાથે ધ્યાનજ ધરવું. ૩૩

૨૨—સપાત્ર=પવિત્ર પાત્ર, હરિવૌંશી માહેલી પવિત્ર વ્યક્તિયો. ૨૩ પ્રાણી=પ્રાણુવાળો=જીવવાળો, જીવ, માણસ. ૨૪ ગર્વ=અહંકાર=મધ. ૨૫ આળશ=સુસ્તી. ૨૬ સર્જ્યા=પેદા કરનાર=ઉત્પન્ન કરનાર, સર્જનહાર, પરમાત્મા.

[1] નિત્ નિત્ ગત્માં [2]મળવું જાઈ,
[3]ગોર [4]નરમુખી ને મળવું [5]ધાઈ. ૩૪
નિત્ નિત્ અમી પીએ તે ધર્મિ,
[6]અહંકાર મૂકે તે [7]નર [8]કર્મિ. ૩૫
[9]જાઠું રૂષિવરને બોલવું નહિ,
[10]અતિત [11]અભ્યાગત [12]સંતોષવા સહી. ૩૬

૧ નિત=હમ્મેસાં=હરરોજ. ૨ મળવું=ભળવું=એકઠા થવું. ૩ ગોર–ગુરૂ. ૪ નર=નારાયણ, વિષ્ણુ, ઇમામ. અખંડ પુરૂષ. ૫ ધાઇ=દોડી. ૬ અહંકાર=અહંમપણું=ખુદી=આપે, મોટાઈ. ૭ નર=પુરૂષ=માણસ. ૮ કર્મિ=કર્મવાળો=વૈદિક કર્મ કરનારો ભાગ્યશાળી. મોટા નશીબવાળો, સારા ભાગ્યવાળો. ૯ જાઠું=અસત્ય ૧૦ અતિત=અત્યંત ત્યાગી, માયાની વિકારથી રહીત, પાકો સત્પંથી. ૧૧ અભ્યાગત=અચાનક આવી ચડેલો મેહમાન, પરોણો, નાઠી. ૧૨ સંતોષવા=સંતોષ પમાડવા=અન, જળ, વસ્ત્રાદિથી શાન્ત કરવા.

[13]ભૂખ્યાને [14]અન્ન આપવું જાણી,
[15]તૃષ્યાને તો પાવું [16]પાણી. ૩૭

[17]નાગાને [18]વસ્ત્ર આપી [19]અર્થજ લેવો,
[20]સગા [21]કુટુંબનો [22]ભારજ [23]શેહેવો. ૩૮

---

૧૩ ભૂખ્યો=ક્ષુધાર્થિ=અન્ન ખાધા વગરનો. ૧૪ અન્ન=અનાજ, ધાન્ય. ૧૫ તૃષ્યા=પ્યાસો=જેને પાણીની તૃષ્ણા રહેલી હોએ તેવો, પાણી ન પીધેલો. ૧૬ પાણી=જળ, નીર, ૧૭ નાગા=ઉઘાડો. વસ્ત્ર પહેર્યા વનાનો. ૧૮ વસ્ત્ર=લુઘડા. ૧૯ અર્થ=લાભ. ૨૦ સગા=લોહીનાં સંબંધવાલ=આપ્ત જનો ૨૧ કુટુંબી=કુટુમ્બવાળા=સાથે રહનાર,સાથે ખાનાર વગેરે. ૨૨ ભાર=બોજો=બોધ્રતી કરતી વસ્તુઓની ભાળ રાખવી=દુઃખ નાં પડવા દેવું. ૨૩ સેહવો=ઉપાડવો=વેઠવો, શહન કરવો.

[૨૪]સઘળું [૨૫]શાંખી કરી ધ્યાનજ ધરવું,
[૨૬]અવ્ગુણ કરે તેને [૨૭]ગુણજ કરવું. ૩૯
[૨૮]ઓછું કેને આલવું નહિ,
[૨૯]અદકું કોઇનું લેવું નહિ. ૪૦

[૩૦]પર સ્ત્રી [૩૧]ગમન તો કરવું નહિ,
[૩૨]ભૂંડી [૩૩]નજરે ન જોવું ભાઇ. ૪૧

---

૨૪ સઘળું=બધું, તમામ. ૨૫ શાંખી=સહન કરી ખોટું ન માનવું. ૨૬ અવ-ગુણ=નુકશાન. ૨૭ ગુણ=લાભ=ફાયદો. ૨૮ ઓછું=થોડું=લીધું હોય કે કહ્યું હોય તેથી થોડું=ઘટાડીને. ૨૯ અદકું=વધારાનું= આપ્યું હોય કે કહ્યું કેહવડાવ્યું હોય તેથી વિશેષ. ૩૦ પર=પારકી=બીજાની. ૩૧ ગમન=જાવું; સંગ કરવો=વ્યભિચાર ક્રીનાળું. ૩૨ ભૂંડી=ખરાબ. ભુંડાભાવવાળી. ૩૩ નજરે=દ્રષ્ટે, ભાવે, આંખે.

[34]જાણી [35]અજાણી નાં દીજે [36]ગવાહી,
[37]કૂંડ [38]કપટે નાં [39]ચાલશો ભાઈ. ૪૨
મુખથી માર ના કહેવું લગાર,
[40]વ્યાજ ખાએ તેનો નાં લેવો [41]અહાર. ૪૩
[42]હાડ [43]વકરો કરે [44]પાતક્ સહી,
[45]પશુ [46]પાલીને વેચવું નહિ. ૪૪

---

૩૪ જાણી=સમજી, ઇરાદાપૂર્વક. ૩૫ અજાણી=જાણમાં ન હોય તેવી ખોટી ૩૬ ગવાહી=સાહેદી, શાક્ષી. ૩૭ કૂડ=જૂઠ. ૩૮ કપટે=પ્રપંચે, દગાએ, ફરેબ કરી. ૩૯ ચાલશો=વર્તશો=હીંડશો, કરશો. ૪૦ વ્યાજ=ધનને ધીરી લીધેલો લાભ. ૪૧ અહાર=ભોજન, ખોરાક, ખાણું. ૪૨ હાડ=શરીર, હડકા. ૪૩ વકરો=વેપાર=વેચવું. ૪૪ પાતક=પાપ=દોષ, ગુનોહ. ૪૫ પશુ=ઢોર, જનાવર. ૪૬ પાલી=ઉછેરી=પોશી, સાચવી, મોટા કરી.

[1] ધરતીનું [2]મૂલ ન કરશો [3] માતા.
[4]કન્યા તણો [5]રખે [6]દ્રવ્ય જ ખાતા[7]! ૪૫
[8]લાંચ ન [9]ખાવી એક [10]રતી,
ખોટું [11]ખત્ત નવ લખશો [12]સતી. ૪૬
[13]મેદાને જઈ પાંચ [14]આચ્મન કીજે
ચાલીશ ક્રિયા રૂષિવર પાલી લીજે. ૪૭

---

૧ ધરતી=પૃથ્વી=જમીન, ભૂમી. ૨ મૂલ=કીંમત, પાડ. ૩ માતા=માં. ૪ કન્યા=દિકરી, બહેન. ૫ રખે=ભૂલે ચૂકે=અજાણે. ૬ દ્રવ્ય=પૈસો, =માયા, =ધન. ધાન,વાસણ,વસ્ત્ર ૭ ખાતા=લેતા=વાપરતા ૮.લાંચ=રૂશવત=છાની ખુશામતની ભેટ, ખોટું પણ ધાર્યું કરાવવા કાંઈ આપવું તે, કે લેવું તે. ૯. ખાવી=લેવી વગેરે. ૧૦ રતી=ચણોઠી, જરા. ૧૧ ખત=દસ્તાવેજ=કાગળ. ૧૨. સતી=સત-પંથી. ૧૩ મેદાને=જંગલે, દિશાએ, હંગી. ૧૪. આચમન=કોગળા. હાથ પગ વગેરે અવયવો ધોવા.

માટી લેઈને ધોવા હાથ,
નાહી કરીને થાવું પાક. ૪૮

પાણી લેઈ [૧૫]પેસાબજ કરવી.
આચમન ત્રણ કરે તે ધર્મિ. ૪૯

[૧૬]અણ ગળ્યું [૧૭]નિર ન પીવું પ્રાણી,
[૧૮]જીવતો [૧૯]જીવ ન [૨૦]મારવો જાણી. ૫૦

૧૫ પેશાબ=મુતરવું. ૧૬ અણગળ્યું=વગર ગાળેલું. ૧૭ નીર=પાણી—જળ. ૧૮. જીવતો=જીવવાળો. ૧૯. જીવ=જનાવર, પક્ષિ, પશુ, માણસ, ઢોર, જળચર, વનચર, થળચર, ભૂચર, ખેચર, વગેરે પ્રાણ વાળા જીવો. ૨૦ મારવો=મારી નાખવો, પ્રાણ કાઢી નાખવો.

[21]હીંગ [22]તમાકુ ન ખાશો કોઇ,
[23]અમલ [24]અહાર [25]તજો નર [26]જોઇ. ૫૧

[27]દનીમાં બેશી ખાવું નાહિ,
[28]એઠું [29]જુઠું ન ખાશો ભાઇ. ૫૨

---

૨૧ હીંગ=વધાયણી. ૨૨ તમાકુ=બજર, છીંકણી. ૨૩ અમલ=માદક પદાર્થો. જેવા કે અફીણ, ગાંજો, ભાંગ, ચરશ. તાડી, લશણ, હીંગ, ડુંગળી, મીંશ, મદિરાદિ. ૨૪ અહાર=ખોરાક, ખાણું, ૨૫ તજો=ત્યાગો. ૨૬ જોઇ= જોતાંજ. ૨૭ દની=દુનિયાદાર=માયાવી, શ્રી નિષ્કલંકી નારાયણને નહિ ઓળખનાર. ૨૮ એઠું=એઠવાળું=અડાઇ ગએલું, અભડાઇ ગએલું. ૨૯ જૂઠું=જૂઠવેલું, ભેળ કરેલું. બનાવટી, ખોટું, દુર્ગુણી.

[30]ગળીના [31]વસ્ત્ર પેહેરવા નહિ.
[32]નીચની [33]સંગત ન કરવી સહી. ૫૩

[34]અપવાસ [35]વ્રતની [36]આશ ન [37]ધરવી,
પાણી [38]પથ્થરની [39]પૂજા નાં કરવી. ૫૪

---

૩૦ ગળીના=ગળીના રંગવાળા=કાળા. ગળિયર. ૩૧ વસ્ત્ર=લુગડાં, પોશાક. ૩૨. નીચ=નિચકર્મ કરનારો=સદ્ગુરૂનાં વચન ન પાળનારો, ક્રિયાહીણ, દુષ્ટ, ચંડાળ. ૩૩. સંગત=સોબત, સાથ. ૩૪. અપવાસ=દિવસે આહાર પાણી વગેરે નાં લેવું તે. ૩૫ વ્રત=નિયમો પાળવાની ટેકો, ભક્તિ ભાવ કરવાના મુખ્ય નિયમો. ૩૬ આશ=ઇચ્છા=આશા ભાવના. ૩૭ ધરવી=રાખવી. ૩૮. પથ્થર=પથ્થરાદિની બનાવેલી મૂર્તિઓ ૩ . પૂજા=સેવા, ભક્તિ, ધ્યાન.

[1]મેલી [2]થાપણ ન [3]રાખવી જાણી,
[4]વખત [5]વેલા ન [6]ચૂકશો પ્રાણી. ૫૫
[7]અમ્મર થૈએ તે [8]જપીએ [9]જાપ,
[10]વણ પૂછે ખાધે છે [11]પાપ. ૫૬

---

૧ મેલી=મેલેલી, રાખેલી. ૨ થાપણ=પુંજી, અમાનત=અનામત. ૩ રાખવી=રાખી મૂકવી, પાછી ન આપવી, પચાવી પડવી. ઇન્કાર કરવો, મકરી જવું. ૪ વખત=સંધ્યાનો સમય, સમય સમયની કરવાની ભક્તિ=પ્રાર્થના. ૫ વેલા=ટાણું, સમય, વખત કરવાનું ટાણું. ૬ ચૂકશો=ભુલશો. ૭ અમ્મર=મરાય નહિ-મોત ન આવે=અખંડ. ૮ જપીએ=જપ જપ કરિએ, બોલ બોલ કરીએ, બોલીએ. ૯ જાપ=મહામંત્ર, જપવાનો શબ્દ મુગતાયક, ગુરૂમંત્ર. ૧૦ વણ=વગર. ૧૧ પાપ=ગુન્હો, દોષ, તકશીર.

પાઘડી [૧૨]વાંકી ન મૂકશો [૧૩]સમારી,
[૧૪]ચાંપી [૧૫]અહાર ન લેશો [૧૬]લગારી. ૫૭

[૧૭]લાલચે [૧૮]પ્રીત ન કરવી ભાઇ,
માતા કરી જાણો મોટો [૧૯]ભોજાઇ. ૫૮

---

૧૨ વાંકી=મરોડવાળી, ટેડાઇવાળી, છેલપણું દેખાડેતેવી, મદભરી. ૧૩. સમારી=સુધારી, ચીપી, ચાપી, ફાંકડી. ૧૪ ચાંપી=દાબી=અકરાતું, વધારે. ૧૫ અહાર=ભોજન, ખાવાનું. ૧૬ લગારી=જરાપણ. ૧૭ લાલચ=લોભ, તૃષ્ણા, લેવાની ઇચ્છા. ૧૮ પ્રીત=હેત, પ્રેમ, માયા. ૧૯ ભોજાઇ=ભાઇની વહુ, ભાઇનાં ઘરવાળી, ભાઇની સ્ત્રી.

[20]અરૂ [21]પરૂ નવ કરશો [22]રૂષિ.
[23]પાડોશી [24]દૂભવી નવ્ કરશો દુઃખી. ૫૯

[25]વિશ્વાસઘાત ન કરવી સહી,
[26]પડી [redacted] જડી વસ્તુ ન લેવી ભાઈ. ૬૦

---

૨૦ અરૂ=ઓરૂ=ઢુકડું=પાસે. ૨૧ પરૂ=છેટું=વેગળુ. ૨૨ રૂષિ=મુનિ, સંત, ભક્ત. સત્પંથી. ૨૩. પાડોશી=પાસે રહેનાર, પાસે વસનાર, આપણા ઘર પાસે ઘર હોય તે. ૨૪. દૂભવી=દુભાવી, રંજાડી, દુઃખદઇ. ૨૫ વિશ્વાસઘાત=વિશ્વાસ આપી તેને દગો કરવો, ભરૂંશો આપી પરો ન કરવો, વચન આપી નાં પાળવું. ૨૬ પડી=કોઇની પડી ગએલી. ૨૭ જડી=જડેલી, હાથ આવેલી.

કોઇને [28]ઝાલ ન પાડવી જાણી.
[29]ઉછી [30]ઉધારનું ન રાખવું પ્રાણી. ૬૧
[31]પારકુ [32]ધન લેઇ [33]ભાગવું નહિ,
[34]પુત્ર થઇને આપવું સહી. ૬૨

---

૨૮ ઝલ=ઝાલ, એકદમ કોઇને ત્રાશ ઉપજે, કે દુઃખ લાગે, ૦૫ લાગે તેવી વાત. ૨૯ ઉછી=સાટે સાટે આપી જવાનું. લીધા પ્રમાણેજ વાયદાસર આપી જવાનું. ૩૦ ઉધાર=અવેજ ઉપર કે અવેજ વગર ધીરેલું, વ્યાજ વિનાનું લાવેલું, સાટે સાટે આપવાનું કે, એકનાં બદલે બીજું આપવાનું. ૩૧ પારકું. બીજાનું=પરનું .૨ ધન=દોલત=માયા=પુંજી ૩૩ ભાગવું=તોડવું, નાં આપવું, લીધા ' વૃ, આપવું. થોડું આપવું. મકરી જવું, ભૂલાવો પાડવો ૩૪ ' થઇ, નમ્રતાથી, ભલાઇથી.

... જાણ્યા,
[36]મુર્ખપ… [21]પરૂ ન રહેવું પ્રાણી. ૬૩

[37]જ્ઞાન [38]દ્રષ્ટે જોવૂં સૌને [39]સરખું,
[40]શત્રુ કરે [41]તે નવ્ કરવું. ૬૪

૩૫. ગાલ-ખોટાશબ્દ, ભૂંડી વાણુ, ખોટીબોલી. ૩૬ મૂર્ખ=ગાંડા, બેવકુફ, દિવાનો. ચળ્યો, અણસમજુ, અજાણ્યપણું ૩૭. જ્ઞાન=સમજણ, બુદ્ધિ વિવેકની ને સારભરી દિશા. ૩૮ દ્રષ્ટે=નજરે=આંખે. ૩૯ સરખુ=બરાબર=સમાન, એક જેવા સ[ઘ]ાંને ૪૦શત્રુ=દુશ્મન=વ્હેરી. ૪૧ તેનવ કરવું=બદલો ના લેવો=આપણું ભૂંડું કર્યું હોય તો એ આપણે તેનું ભુંડું ન કરવું.

સાચો જૂઠો નવ્ કરવો [1]વાદ,
[2]જૂઆ [3]જુગટાનો નવ્ કરવો [4]સ્વાદ. ૬૫
[5]નાચ [6]છંદ [7]ભવૈયા જોવા નહિ,
(એ) [8]છળ [9]ભેદે સદ્ગોર [10]ખોવા સહી. ૬૬

---

૧ વાદ=વિવાદ, આમણ સામણનો વોદ. ૨ જૂઆ=જુગાર, પૈસા વ• ગેરેથી રમવું, જેમાં હાર ઝીત હોય તે. ૩ જુગ્ટા=જુગાર. ૪ સ્વાદ=મજા, રસ લેવો, સારો માનવો, કરવો, રમવો. ૫ નાચ=ગુણકાનું રમવું, નાચવું. ૬ છંદ=ઢોંગ. ટીખળ=નાટક, ચેટક. ૭ ભવૈયા=ભવૈયાનીરમત=ભવૈકર• નારા. નાચનારા પુરૂષો. ૮ છળ=પ્રપંચ, દગો ૯ ભેદ=ભૂલવણી, આંટી. ૧૦ ખોવા=ખોઈ દેવા=વિસારી દેવા, ભુલી જાવા

૩૮

[11]જમતાં [12]ખાટું ના કહેવું ભાઇ,
[13]વખાણવું પણ [14]વખોડવું નહિ. ૬૭

[15]પ્રભાતે [16]નાહી બાહેર નિશરવું,
[17]સંસાર કરે તે નવ કરવું. ૬૮

૧૧ જમતાં=ખાતાં=વાળુ કરતાં, ભોજન લેતાં. ૧૨ ખાટું=ખટાસવાળું., ખરાબ=દુર્ગુણી, ખોડવાળું, ખોટવાળું. ૧૩ વખાણવું=ગુણ ગાવું, સારૂ કહેવું, ઉત્તમ કહેવું. ૧૪ વખોડવું=ખોડ કાઢવી, ખોટુ કહેવું. ૧૫ પ્રભાતે=સવારે, વ્હાણાખાં, દિ ઉગે. ૧૬ નાહી=સ્નાન કરી, ડીલધોઇ, અંઘોળી. ૧૭ સંસાર=જગત=દુનિયા=અધર્મિ=નિષ્કલ્કી નાગયણને નહિ ઓળખનારા.

[18]તપ [19]તિર્થ ને કરવું [20]શ્નાન,
[21]નિર્મળ થઇને [22]ધરવું ધ્યાન. ૬૯
આપણા પ્રાણીને દુઃખ નાં દીજે,
[33]દર દિવાને [34]પ્રિત ના કીજે. ૭૦

---

૧૮ તપ=તપશ્યા, શરીરે કષ્ટિ આત્મ સયમ કરતાં વેઠવી તે. ૧૯ તિર્થ=ભગ્વાનના રમણનાં સ્થાનો, પુજ્ય પુરૂષોનાં રેહવાનાં, અવ્સાનનાં સ્થળો, રોજા, મંદિરો, અને આત્મદર્શન. ૨૦ સ્નાન=અંઘો-ળવું. ૨૧ નિર્મળ=મળ રહિત, પવિત્ર થઇ. ૨૨ ધરવું=રાખવું=ધારણ કરવું. ૩૩ દરદિવાન=સરકારીકામોરા=રાજદરબારી, અમલદારો. ૩૪=પ્રિત=હેત પ્રેમ=સ્નેહ.

[૩૫]હિંડતાં ચાલતાં [૩૬]ખાવું નાં ખાશો,
[૩૭]ષટ દર્શન [૩૮]પૂજી [૩૯]પસ્તાશો. ૭૧

વેદ [૪૦]શાસ્ત્ર કહે તેમ કરવું સહી,
[૪૧]ચતુરાઇ [૪૨]ચોખાઇમાં રેહવું. ભાઈ. ૭૨

---

૩૫ હિંડતાં ચાલતાં=હરતાં ફરતાં=વાટે ચાલતાં, ઉભા ઉભા ફરતા. ૩૬ ખાવું=ખાવાનો પદાર્થ, ખાવાની વસ્તુ. ૩૭ ષટ દર્શન=છો જોવાની વસ્તુ, (૭ દર્શન ૧ જોગી, ૨ જગમ ૩ સેવડા, ૪ સન્યાસી. ૫ દર્વેશ, ૬ બ્રાહ્મણ.) ૩૮ પૂજી=સેવી=પૂજા કરી. ૩૯ પસ્તાશો=મૂંઝાસો, ગભરાશો, વિમાસણમાં પડશો. દુ:ખી થાશો. ૪૦ શાસ્ત્ર=વેદ ઉપરથી મહાપુરૂષોએ કથેલી વાણીનાં પુસ્તકો, મહાપુરૂષોના વચનોનુ સંગ્રહસ્થાન. ૪૧ ચતુરાઇ=વિવેકપણામાં, ડહાપણમાં. ૪૨ ચોખાઇ=સફાઇ, સ્વચ્છતા, નિર્મળપણું. ૯

[43]ઝેર ખાઇ [44]ઝપ્લાઇ ના [45]મરવું,
[46]આવા ગવનમાં [47]ફરી [48]અવૃતરવું. ૭૩
[49]જોર [50]જુવાની [51]વશજો કરવી,
પરસ્રી સાથે [52]ગુજ ન કરવી. ૭૪
[1]આગને [2]એઠું (પાણી) ન [3]છાંટવું જાણી,
લીલું ઝાડ ન ભાંગવું પ્રાણી ૭૫

---

૪૩ ઝેર=વિષ. ૪૪ ઝપ્લાઇ=ઝંપાપાત કરી=પડીને. ૪૫ મરવું=અંત લાવવો, દેહીથી પ્રાણ જૂદા કરવો ૪૬ આવાગવન=આવવું ને જવું, લક્ષચોરાસી. ૪૭ ફરી=બીજીવાર=વારોવાર. ૪૮ અવૃતરવું=જન્મવું. ૪૯ જોર=બળ. ૫૦ જુવાની=યુવાવસ્થા. (૨૦ થી ૫૦ વરસનો સમય.) ૫૧ વશ=આધિન, કબજામાં, કાબુમાં રાખવી. ૫૨ ગુંજ=ગુજવટ=એકાન્ત, ભેદભરી છાની વાત.

૧ આગ=અગ્નિ, દેવતા, અંગાર. ૨ એઠું=અજીઠુ, એંઠવાડાવાળું, એઠુંસ. ૩ છાંટવું=નાખવું=છિટકાવ કરવો, છિડકવું.

[4]પ્રભાતે [5]ફુલ [6]ચુંટયાનો છે બહુ [7]દોષ,
પાણી પથ્થર પૂજે નહિ પામો મોક્ષ. ૭૬
[8]અવાચક પ્રાણીની [9]આલ ન કરવી,
[10]ભોજન [11]છાંડી બેશ ઉઠ ન કરવી. ૭૭
એઠું પશુને ન [12]ઘાલવું પ્રાણી,
[13]એબ કેની ન [14]ઉઘાડવી જાણી. ૭૮

૪ પ્રભાતે=સવારે, પરોઢ ફુટયા વખતે, બગઅગે, સૂર્ય દર્શન પેહેલા. ૫ ફુલ=પુષ્પ. ૬ ચૂટયા=વેણ્યા, તોડયા, ઉપાડયા. ૭ દોષ=પાપ=ગુન્હો. ૮ અવાચક=જેને વાચા નથી, મુંગા, બોલી શકે નહિ તે, ફરિયાદ ન કરી શકે તેવા ૯ આલ=અલપ્ડુ, છેડ, પજવણી, સતામણી, ખીજ, દુઃખ પોહોચે તેવી ચેષ્ટા. ૧૦ ભોજન=ખાવાનાં પદાર્થ, ખાવાનું ભાણું પીરશેલું ૧૧ છાંડી=મૂકી, તજી. ૧૨ ઘાલવું=આલવું, દેવું, પીરશવું, નીરવું. ૧૩ એબ=છિદ્ર, દુર્ગુણ, ભુંડાઇ ખોટી વાત, અપકૃત. ૧૪ ઉઘાડવી=પ્રગટ કરવી, જાહેર કરવી.

[15]ભાંજગડ કોઇની કરવી નહિ,
ગોરના [16]વચન ન લોપવા સહી. ૭૯

શિખામણ [17]પૂછે તેને [18]સારી [19]દીજે,
લઇ [20]તસ્બી [21]હરિનું [22]સ્મરણ [23]કીજે. ૮૦

ૐ

૧૫ ભાંજગડ=પંચાત, ચોવટ, ઝઘડો લાવવાની વાત. ૧૬વચન=વેણુ=હુકમ, આજ્ઞા, ફર્માન. ૧૭ પૂછે=પૂછવા આવે, પ્રશ્ન કરી, સલાહ લે. ૧૮ સારી=ઉત્તમ. ૧૯ દીજે=આપીએ. દેવી. ૨૦ તસ્બી=માલા, સ્મરણી. ૨૧ હરિ=પ્રમાત્મા, દુઃખ, પાપાદિ હરનાર. સ્યેતાનને દુર કરનાર, કુબુદ્ધિ ટાળનાર, શ્રી શાહ, શ્રી ઇમામ, શ્રી નિષ્કલંકી. ૨૨. સ્મરણ=યાદ, સંભારવું, ભજન, ભક્તિ ૨૩ કીજે=કરિયે.

[24]પીઓ [25]અમિરસ [26]બ્રહ્માજી [27]મલિયા,
રૂષિવર [28] પાળો [29] સોએ ક્રિયા. ૮૧

નવા [31]ધર્મિને [32]ધર્મ [33]ઓરાવો [34]જોઇ,
સો ક્રિયાની [35]પેહેરાવો [36]જનોઇ. ૮૨

---

૨૪ પીઓ=પીવું, અંતરમાં ઉતારવું. ૨૫ અમિરસ=નુર, અમૃતનું પીણુ. ૨૬ બ્રહ્માજી=બ્રહ્મા, નિર્વિકાર કલંક રહિત, પવિત્ર, વેદનાં કર્તા, એ ધ કરનાર, ગોર, પીર, શ્રીસદ્દગોર બ્રહ્મા પીર ઇમામશાહ ૨૭ મલિયા=મલ્યા, ભેટયા, જોડાયા. બંધાયા, એક થયા, જડયા. ૨૮ પાળો=ગ્રહણ કરો, સાચવો. વર્તો. ૨૯ સોએ=૧૦૦. સોએસો પૂરી. ૩૦ નવા=થતા. ૩૧ ધર્મિ=ધર્મ લેનાર, ધર્મ પાળનાર. ૩૨ ધર્મ=પર્માત્માને પાળવાનો ઉપાય=સત્યતા. ૩૩ ઓરાવો=આપો, શિખવાડો. ૩૪. જોઇ=ઓળખીને, સમજીને. ૩૫ પહેરાવો=ઘાલો, ગ્રહણ કરાવો=કબુલ કરાવરાવો. ૩૬ જનોઇ=ઉપવિત=બ્રહ્મપંથે ચડવા કરેલો સંસ્કાર.

થયા [૩૭]બ્રાહ્મણ બ્રહ્માજી મળિયા,
આવાગવનના [૩૮]ફેરા [૩૯]ટળિયા. ૮૩

રૂષિવર શાંભળો [૪૦]બ્રહ્મજ્ઞાન,
ગતૃમાં જઇ કરો [૪૧]ગંગા [૪૨]સ્નાન. ૮૪

---

૩૭ બ્રાહ્મણ=બ્રહ્મને જાણનાર, શ્રી નિષ્કલંકી નારાયણને ઓળખનાર, શ્રી બ્રહ્મ રૂપમાં મળી જનાર. ૩૮ ફેરા=આંટા, આવક જાવક કર્યાજ કરવી તે. ૩૯=ટળિયા=ટળી ગયા=મટી ગયા, જતા રહ્યા. ૪૦ બ્રહ્મજ્ઞાન=બ્રહ્મનેજ પામવાનો માર્ગ, બ્રહ્મને ઓળખવાનો ભેદ, બ્રહ્મને સમજવાની વિદ્યા. ૪૧ ગંગા=ત્રિલોક પાવની, પવિત્ર જળ વેહવરાવનાર નદિ, જ્યાં શ્રી નિષ્કલંકી (વિષ્ણુ=ઇમામ) એ સ્નાન કર્યું હોય તેવી નદિ; હાલ કલજુગમાં ગંગા, સાબરમતી છે. ૪૨ સ્નાન=અંઘોળવું, નાહવું, ડીલ ધોવું.

બ્રહ્મ જ્ઞાન ગોર નરને [1]ભાવે,
[2]અડસઠ્ તિર્થ ગુરૂ [3]ચરણે [4]આવે. ૮૫
[5]પ્રતક્ષ ગોર નર ગતૃમાં [6]બેઠા,
[7]ભાગ્ય જેના સદ્ગોર જ્ઞાને [8]દીઠા. ૮૬
જ્ઞાન ધ્યાનમાં જુઓ [9]વિચારી,
દુનિયા માંહે દેવ [10]ગુપ્ત [11]અવતારી. ૮૭

---

૧ ભાવે–વ્હાલા લાગે, ગમે. ૨. અડસઠ–સાઠ ને આઠ, ત્રણ વીસ ને આઠ. ૩ ચરણે–પગે, પગમાં, ચરણકમલમાં. ૪ આવે–આવેલા છે, વસેલા, આવી જાએ. ૫ પ્રતક્ષ–જાહેર, જોઈ શકાય તેવા, પ્રગટ. ૬ બેઠા–આશને આવેલા, આશણવાલી બેઠેલા. ૭ ભાગ્ય–નસિબ–પ્રાલબ્ધ, ૮ દીઠા–જોયા, નિહાળ્યા. ૯. વિચારી–શાન્તિએ સોચ (તપાસ) કરી. ૧૦ ગુપ્ત–છાના = છુપાએલા. અદ્રષ્ટ, નજરે નાં દેખાએ. ૧૧ અવૃતારી–અવૃતરનાર. જન્મ લેનારા, દેહ ધારણ કરનારા.

ઋષિવર તેજે [12]રાખે જ્ઞાન,
નિર્મળ થઈને ધરવું ધ્યાન. ૮૮
મુનિવર તે જે [13]વારે મન,
કરે [14]કશોટી [15]કાયા [16]રતન. ૮૯
[17]ભણે [18]ઇમામશાહ સુણો ગત્ [19]સોહી,
ગત્માં [20]બેશી [21]ઇમાન રાખો [22]સબ કોઈ. ૯૦ ૬

૧૨ રાખે-ધારણ કરે, શિખે, પાળે, માને, વર્તે, તેવા થાએ. ૧૩ વારે-અટકાવે, રોકે, કબજામાં રાખે, પાછું હઠાવે, ૪ કશોટી-કશ લેવાની વસ્તુ, પરિક્ષા લેવાનો જણુસ, કષ્ટ વેઠવું, તપ કરવો. ૧૫ કાયા-શરિર, દેહ, ૧૬ રતન-કીમતીઝવેરાત, અમુલ્ય પદાર્થ, ભારે કીમતનો હીરો કે મોતી, ૧૭ ભણે-કહે, બોલે. ૧૮ ઇમામશાહ-ઇમામોના શિરોમણી, કળજુગનાં છેલ્લાં મહાં બ્રહ્માનું નામ છે. ૧૯ સોહી-એજ-તેજ, આ, ઇજ. ૨૦ બેશી-રહી-આસનપુરી, ભેગા થઇ. ૨૧ ઇમાન-શ્રદ્ધા-ધારણા -ભરોશો-વિશ્વાસ. ૨૨ સબકાઇ-સર્વ, એકંદર, તમામ.

જે સદ્‌ગોર [23]આદ [24]તપશ્વી કેહલાયે,
[25]સો [26]ઇમામ [27]હો [28]જાંબુદ્વિપમે [29]આયે. ૯૧
ગોરનર જાંબુદ્વિપે આવ્યા [30]સહી,
[31]મુનિવર [32]આરાધો [33]એક મના થઇ. ૯૨

---

૨૩ આદ=પ્રથમ, મુળમાં, મુળથી. ૨૪ તપશ્વી–તપસ્યા કરનાર, ધાર્મિક ક્રિય પાળતા શરિરે પડતું કષ્ટ વેઠનાર, ટેકીલા, અડગ, સત્પંથી ૨૫ સો–એ, તેજ, પોતે ૨૬ ઇમામ–સરદાર–અગ્રણી, [િ]ષ્ણુ ૨૭ હે–થઇ, બની. ૨૮ જાંબુદ્વિપ–પ્રદેશનું નામ. પાંચ સાત ખંડ ભેગો થએલો પ્રદેશ. જાંબુનાં ઝાડ જ્યાં ઘણા હોય છે તેવો દેશ, જ્યાં શિયાળો ઘણી હોય છે તેવો, મુલક (કે જેની ત્રણ બાજુ પાણી ને એક બાજુએ જમીન આવેલી હોય.) ૨૯ આએ-આવ્યા, પધાર્યા. ૩૦ સહી–નક્કી, ખચિત. ૩૧ મુનિવર–મુનિઓથી શ્રેષ્ટ-સત્પંથીઓ. ૩૨ આરાધો –ભજો, સંભારો–યાદ કરો, ભક્તિ કરો. ૩૩. એકમના-શાન્ત. નિશ્ચિંત થઇ. ૩૩ એકમના=શાન્ત, નિચિંત.

ગોર નરે પૂર્યો જાંબુ દ્વિપે [૩૪]વાશ,
તમે રાખો [૩૫]અમરાપુરની [૩૬]આશ. ૯૩

[૧]વાચા[૨]પાળો [૩]ઓચરો બ્રહ્મ જ્ઞાન,
રહો રૂપિવર એકે ધ્યાન. ૯૪

જે રૂપે ગોર નર હોએ સહી,

૩૪. વાશ–રહેઠાણ–આશન–રહેણાક, વાસ્તુ–વશવાનું. ૩૫ અમરાપુર–અમ્મરધામ, જ્યાં મરવાનું નથી તે શહેર, મોત વિનાનો વાસ. ૩૬ આશ–આશા, ઇચ્છા.

૧ વાચા–વચન–બોલ, વાણુ, ૨ પાળો–સાચવો જવા ન દો, વ્યવહારમાં રાખો, નભાવો. ૩ ઓચરો=બોલો.

તે રૂપે જાપ જપવો મુનિવર ભાઈ. ૯૫
[4]નીચા [5]નમી નમી કરો [6]પ્રણામ,
ગોર નરે જાંબુદ્વિપ કર્યો [7]મુકામ. ૯૬
જો [8]પૂરા [9]પ્રેમશું ધર્મ [10]ધાઓ,
તો રૂષિવર અમરાપુરમાં જાઓ. ૯૭
અમ્મર ભેદે અમરાપુરી લેશો.
રૂષિવર અમ્મર [11]ઘઢમાં રહેશો. ૯૮

---

૪ નીચા—હેઠા, ભોંય સરતા, વાંકા. ૫ નમી—વળી, નમ્રતાએ નમન કરીને. ૬ પ્રણામ—સલામ—ચરણે નમન કરવું, મલતી વેળાએ બોલવાનો અર્થસુચક શબ્દ. ૭ મુકામ—રેહઠાણ—ઠેકાણું, ઘર. ૮ પૂરા—પૂરણ—જરાજર, ઠેઠ સુધી, આખા, સર્વ રીતે. ૯ પ્રેમ—હેત, માયા, પ્રિતી. ૧૦ ધાઓ—દોડો, ચાલો. ૧૧ ઘઢ—કિલ્લો, દુર્ગ, કોટ.

અમ્મર [12]ફલનાં ભોજન કરશો,
[13]અમત [14]કલફની આવરદા ભોગવશો. ૯૯
રૂષિવર એકમને ગોરની વાચા પાલો,
બોલ્યા ઇમામશાહ અમરાપુર [15]માલો. ૧૦૦

---

૧૨. ફલ–મેવો, ઝાડે થતા ફળ. ૧૩ અમત–જેનો હિસાબ નહિતે, અન્ત રહીત, અપાર. ૧૪ કલફ–વર્ષની ગણત્રીનો ઠરાવેલી હદનું નામ, જુગોનાં સમુહના સમ્રગનું નામ, જુગોની સંખ્યાનું હિસાબી નામ, કેટલાક જુગો મળીને થતો કાળ. ૧૫ માલો–ભોગવો, વાપરો, ઉપયોગ કરો. ૪

સંપુરણ.

ૐ

સંધ્યાનાં મંત્રો.

એટલે

વખત પડવાની દવા.

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેમાં નિર્રહીમ.

સદગોર પાત્ર બ્રહ્મા ઈંદ્રે ઈમામશાહ આદે વિષ્ણુ

નિરંજનનર અલી મહમ્મદશાહ, તમારી અમ્મર દ્રષ્ટ કરી, કરમ મેહેર કરી, અમારા પાતક દૂર કરો. તોબા વખત * * * કબુલ કરો. યા, શાહઅલી મૂર્તુઝા. યા ઇમામ. હશન હુશ્યેન. ૨ યા ઈમામ ! ઝયનુલ આબેદીં. ૩ યા ઈ-મામ ! મહમ્મદ બાકર. ૪ યા ઈમામ ! જાફરો સાદિક. ૫ યા ઇમામ ! ઇસ્માઇલિશાહ. ૬ યા ઈમામ ! નુરમહમ્મદ શાહ, ૭ યા ઈમામ ! મુન્તેસર બિલ્લાહ. ૮ યા ઇમામ ! શમ્સોદ્દિન્. ૯ યા ઈમામ ! ઈસ્લામશાહ. ૧૦ યા ઇ-

* * * આ ઠેકાણે જે વખત હોય તેનું નામ લેવું (જેમકે "તોબા વખત સવારનું કબુલ કરો" કહેવું) ને જો બપોરનો વખત હોય તો સવા-રને ઠેકાણે બપોરનુ નામ લેવું, તેમજ સાંજને મહ્રગતનું પણ સમજવું.

મામ ! નુરમહમ્મદશાહ. ૧૧ યા ઇમામ ! નરઅલી મહમ્મદશાહ. ૧૨ આખર જમાનાનાં શાહો, અમારી તોબા બંદગી કબુલ કરો. દિદાર દો, તોબો તોબો બંદા ગુન્હેગાર, સાહેબ તોબ ક્ષણહાર બંદા તોબા કરે, સાહેબ કબુલ કરે બક્ષોબક્ષણ હાર. સચ્ચો પીર ફર્માન. હકલાએલા હા. ઇલ્લીલ્લા હો મહમ્મદુર રસુલિલ્લા હે.

(આટલું ભણી રહી શિજદો કરવો, પછી એક માલા "કલમાની" મધ્ધરાતની વેળા હોય તો બે માલા કલમાની, ને એક માલા "પીરશાહની" કરવી. પછી શિજદો કરી, બે હાથ જોડી માથું ભોંય ઉપર રેહવા દઇ નીચે પ્રમાણે ભણવું.)

શુભાન અલ્લાહે, યા અલ્લાહ યા અલી યા અલી, યા

અલી, હકલાએલા હા. ઇલ્લિલ્લાહો, મહમ્મદ્દુ ર્સુલ્લિલાહે.

" એટલું કહી બેઠા થઇ મોઢા ઉપર હાથ ફેરવી નીચેની દુઆ પઢવી. "

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેંમાંનિર્રહીમ.

આદ નિરંજન નરઅલી મહમ્મદશાહ આદ વિષ્ણુ તમારી દુઆ. પ્રથમ તમે સ્વામી શ્રી મચ્છ, ૧ શ્રી કચ્છ, ૨ શ્રી વ્યારાહ, ૩ શ્રી નૃસિંહ, ૪ સ્વામી શ્રી વામન, ૫ શ્રી ફરસુરામ, ૬ શ્રી રામ, ૭ શ્રી કૃષ્ણ, ૮ શ્રી બુદ્ધ, ૯ શ્રી સીસ, ૧૦ શ્રી નુહ. ૧૧ શ્રી ઈબ્રાહીમ, ૧૨ શ્રી ઇસ્માઈલ, ૧૩ શ્રી સુલેમાન, ૧૪ તેજઅલી, તેજ આજ નરઅલી મહમ્મદશાહ, અંતે શ્રી નિષ્કલંકી નારાયણ, ઈમામ મેંહદી. તમારા રૂષવરોની લાજ રાખી ગુનાહ બક્ષી

કરમ મેહેર કરી, તમારા બંદા જાણી, અરજ બંદગી કબુલ કરો. સુભાન, કરીમ, રહીમ, કિર્તાર, તુંહીદાતાર, યા અલી, યા અલી, યા અલી, નુરેનુર આયાસોહી. તે નુરઅલી મહમ્મદશાહ લેજો જોઇ. તુહી નુરઅલી હમારી દુઆ કબુલ કરો. સચ્ચો ફર્માન, નુરસદ્‌ ગોર બ્રહ્મા પાત્ર ઇંદ્ર ઇમામ શાહ, નિરંજન નરઅલી મહમ્મદશાહ હમારી દુઆ કબુલ કરો. હક્કલાએલાહા. ઇલ્લિલ્લાહો. મહમ્મદુર્રસુલિલ્લાહે. ૯

(આટલુ ભણ્યા પછી શિજદો કરી એક માલા ' પીરશાહ ' ની કરી, શિજદો કરવો.)

સંપૂર્ણ.

ચારે વખતના નામ અને તેનો સમય.

૧ "સવાર" ના વખતનો સમય, સૂર્ય ઉગ્યા પેહેલાં, ને ભાંખ ફુટયા પછી, અજવાળુ થાએ પરોઢનું ત્યારથી.

૨ " બપોર " ના વખતનો સમય, સૂર્ય માથા ઉપરથી ઢળ્યા પછી (એટલે બે પોહોર પૂરા થઇ ગયા પછી) એટલે એક વાગ્યા પેહલાને બાર વાગ્યા પછી.

૩ " સાંજ " ના વખતનો સમય, સૂર્ય પૂરેપૂરો આથમી જાએ તે પછી, ને ગાઢ અંદ્ધકાર થાએ તે પહેલા.

૪ " મદ્ધરાત " ના વખતનો સમય, બે પોહો રાતનાં

પૂરેપૂરા ગયા પછી, ને ત્રીજો પોહોર રાતનો અર્દ્ધ થાએ ત્યાં સુધી.

ઉપરનો સમય ઉત્તમ છે, તે પછી એક કલાકનો મધ્યમ છે, ને તે કલાક પછીનો કનીષ્ટ છે.

દુઆ મર્દાને નવરાવવાની

એટલે ૬

મરણ પામેલાને પવિત્ર કરવાનો

મંત્ર*

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેહમાંનિર્રહીમ.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા, ઈંદ્રે ઇમામશાહ, આદે વિષ્ણુ, નિરંજન નર અલી મહમ્મદ્દશાહ. તમારી દુઆ. સ્વામી તમે હેત ધરિયું, હેતથી નીર ઉપાયા. નીરથી બાંધ્યા જુગ ચાર. ચાર દિશાએ કર્યો પ્રકાશ. નીર ખર્યું પિંડથી સાર, તે નીરે પવિત્ર વિસ્તાર, નીરે કર્યો નુર, નીરે સર્જ્યા ચંદા, સૂર. નુર મોક્ષ મુગત્‌નો વાટ, પવિત્ર માંડયા ઘટને પાટ. નવ્વાણું કોડી ઝાંખા, છપ્પન કોડી મેઘા. બત્રીસ કોડી કિન્નર, તેત્રીસ કોડી દેવતા, અઠયાસી સેહસ્ત્ર રૂષિ. એક લાખ એંસી હજાર પીર પેગમ્બર, પામ્યા મોક્ષ મુગત્‌ની વાટ. સદ્‌ગોર પીર સલાહોદ્દીન, સદ્‌ગોર પીર

શમ્મસદ્દીન, સદ્ગોર પીર નશીરદ્દીન, સદ્ગોર પીર સાહેબદ્દીન, સદ્ગોર પીર સુદરદ્દીન, સદ્ગોર પીર કબીરદ્દીન, સદ્ગોર પીર ઇમામશાહ આ જીવને પવિત્ર કરો, દુઃખ દોહેલા દૂર કરો, મોક્ષ મુગત્નો મારગ આપો, તમે પવિત્ર છો, તમારો સેવકોને પવિત્ર કરવાનો ધર્મ છે. તમારે ધર્મે, તમારે કર્મે, આ જીવની દેહ પવિત્ર કરો, તેત્રીસ કોડીનાં મેલામાં રાખો. ફર્માન 'પીરશાહ' હક્કલાએલાહા ઇલ્લિલ્લાહો મહમ્મદુર્રસુલિલ્લાહે.

* આ મંત્ર ભણી મડા ઉપર પાણી નાખી મડુ ધોવું.

મડાને મુકામે લઇ જતાં રસ્તામાં શ્રી નિષ્કલંકીનું સ્મરણ કરવું.

તોબા તોબા કરવું, જાપનાં મંત્રનો ઉચ્ચાર કરતા રેહવું.

મંત્ર મડાને ભોમદાગનો છે.

એટલે

મરદાને દાટવાની દુઆ.*

ફર્માનજી બિસ્મલ્લા હિર્રેહમાં નિર્રહીમ.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા, આદે વિષ્ણુ નિરંજન નરઅલી મહમ્મદશાહ તમારી દુઆ. સ્વામી તમે પ્રથમ રોપ્યા, સત્ય, સત્યથી દત્ત. દત્તથી ક્ષમા, ક્ષમાથી હેત,

* મડાને કબરમાં ઉતારીને પછી ભણી પછી માટી વાળવી.

હેતથી નીર, નીરથી ખીર, ખીરથી નીલ, નીલથી અનીલ, અનીલથી ફીણ, ફીણથી ખાક, ખાક તે સદાએ પાક.

સ્વામી નીરથી પવન, પવનથી અગન, અગનથી રચીખાક, જુગ ચારનાં ચાર દાગ, ખાકપાક, મોક્ષ મુગતની વાટ, સત્પંથી જીવને આલી હાથ, ચાર જુગનાં દશ અવ્તાર, દશ અવ્તારે ચાર દાગ. શ્રી મચ્છની રક્ષા, શ્રી કોરંભની રક્ષા, શ્રી.વ્યારાહની રક્ષા, શ્રી નૃસિંહની રક્ષા, શ્રી વામનની રક્ષા, શ્રી ફરસુરામની રક્ષા, શ્રી રામની રક્ષા, શ્રી કૃષ્ણની રક્ષા, શ્રી બુદ્ધની રક્ષા, શ્રી નિષ્કલંકી નારાયણ તે શ્રી મવ્લા મુર્તુજા અલીની રક્ષા. આજ કલવારે ખાકપાક પવિત્ર ભોમ દાગ. સદ્ગોર નબી મહમ્મદપાક. શ્રી સદગોર નુર

પાક, શ્રી સદ્ગોર શમ્મસ પીરપાક, શ્રી ગોર નસીરદીન પાક, શ્રી ગોર સાહેબ દીનપાક, શ્રી ગોર સુદર દીનપાક, શ્રી ગોર કબીર દીનપાક, શ્રી ગોર ઇમામશાહ નરઅલી મહમ્મદશાહ પાક, મવ્લાના સત્પંથી જીવની સોહલી કરો મોક્ષ મુગતની વાટ. ચારે જુગનાં ભૂલેલા જીવ સત્પંથનાં આશરે ભોમદાગે પવિત્ર થઇ, આપની રક્ષા માંહે આવેલો તેને પાક પવિત્ર કરી, તેત્રીસ કોડીનાં મેલા આપી, તમારા નુરમાં વાશ આપો. ગુન્હા બક્ષો. દુઃખ દોહેલા દૂર કરો. સદ્ગોર પાત્ર બ્રહ્મા નબી નુરસદ્ ગોર ઇંદ્ર ઇમામશાહ, નરઅલી મહમ્દશાહ ‘ ફર્માન ’ ‘ પીરશાહ ’ હક્કલાએલાહા ઇલ્લિલ્લાહો, મહમ્મદુર્રસુલિલ્લાહે.



મંડાને ભોમ દાગ આપી મના ઉપર આશિષ ભણવાનો મંત્ર*

એટલે

આશિષની દુઆ.

———:o:———

ફર્માનજી બિસ્મિલ્લા હિરેહમાં નિરહીમ.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા, ઇંદ્ર ઇમામશાહ, આદે

* આ મંત્ર મના (કબર) ની પાસે ઉભા રહીને ભણવું. ફુલ લોબાન ચડાવીને.

વિષ્ણુ, નિરંજન નરઅલી મહમ્મદશાહ, શ્રી નિષ્કલંકી નારાયણ, સત્પંથી જીવનો ફર્માન ફાતિઓ, મોક્ષની આ-શિષ, દુઆદાન, ફુલ લોબાન, આપની પવિત્ર મેહેરે, સ. ત્પંથના સરદાર, કલજુગનાં દાતાર પોહોચડાવો. જીવને દુઃખમાંથી છોડાવો. સુખ સોહેલા કરો, દુઃખ દોહેલા દુર કરો. શ્રી નિષ્કલંકી મુર્તુજાઅલી શ્રી નબી નુર સદ્-ગોર આશિષ કબુલ કરો. સદ્ગોર પાત્ર બ્રહ્મા, ઇંદ્ર ઈમામ-શાહ હકલાએલાહા, ઇલ્લિલ્લા હો, મહમ્મદુર્ રસુલિલ્લાહે.

———.

મનાએ ફૂલ ચડાવી ભણવાનો

મંત્ર*

એટલે

કબરે ફુલ વગેરે મુકી છેટે જઈ ભણુવાની દુઆ.

६

——:o:——

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેહમાં નિર્રહીમ.
સદ્ગોર પીર નશીરદીન, સગોર પીર સાહેબ

* આ મંત્ર મના (કબર) થી ચાલીસ ડગલા છેટા જઈ ભણુવી.

દીન. સદ્ગોર પીર સુદર દીન, સદ્ગોર પીર કબીરદીન,
સદ્ગોર પીર ઈમામ શાહ, આદે વિષ્ણુ, નિરંજન
નરઅલી મહમ્મદ શાહ. આ સત્પંથી જીવની મનાએ ચ-
ડાવેલા ફુલ, ફાતિઓ, તેની આત્માને પોહોંચડાવો, તમારો
સત્પંથી જીવ છે. તમો તેના ધણી છો, તમારી સરણે આ-
વેલો છે, તેને ઓદ્ધાર આપો. સુખનો માર્ગ સોહેલો કરો. ૯
દુઃખ દોહેલા દૂર કરો. નબી નુર સદ્ગોર પાત્ર બ્રહ્મા, ઈંદ્રે
ઈમામશાહ, નિરંજન નરઅલી મહમ્મદશાહ. હક્કલાએ-
લાહા ઇલ્લિલ્લાહો, મહમ્મદુર્રસુલ્લિલાહે.

મડાને ભોમ દાગ આપ્યા પછી નાહવાનો મંત્ર*

એટલે

ભોમ દાગ દીધા પછી નાહવાની દુઆ.

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેમાં નિર્રહીમ.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા. ઈંદ્રે ઈમામશાહ, આદ નારા-

---

* આ મંત્ર ભણી પછી માથે પાણી નાંખવું, (માથું ધોવું) પછી જમણી બાજુ ધોવી પછી ડાબી બાજુ ધોવી. પણ પેહેલાં નક, કાન, સાંધા, નાભી સાફ કરી લેવા શરિરનાં દરેક સાંધા, ને ભાગો પવિત્ર કરી, પાણી પોહોચાડવુંજ.

યાણુ શ્રી નિષ્કલંકી નરઅલી મહમ્મદશાહ તમો પાક પા-વન છો, જીવોને પાક પાવન કરવા જોગ છો. અનંત કરોડી જીવ પાવન કરણુહાર છે. મારા સ્થુલ શરીર સાથે જીવને પાક પાંવન કરો. કરમ મેહેર કરો, હમારી અરજી કબુલ કરો. શ્રી સદ્દગોર નબી નુરમહમ્મદ શ્રી ઈમામશાહ, નર અલી મહમ્મદશાહ હકલાએલાહા, ઇલ્લિલ્લાહો, મહમ્મદુ ૬ ર્સુલિલ્લાહે.

—— ૬ ——

ભોમ દાગ અને ઋગ્વેદ.

ऋग्वेद. ७-८-९

ઓ વરૂણ ! મને એટલી થોડીજ વારમાં માટીના ૬
ઘરમાં (કબર-મનામાં) જવા ન દઈશ, હે સમર્થ દેવ !
દયા કર, દયા કર.



સ્નાનનો સંકલપ કરવાનો મંત્ર.

———:o:———

ફર્માનજી બિસ્મિલ્લા હિર્રેમાં નિર્રહીમ.

સ્નાન કરૂં છું* શ્રી ગોર નરની આજ્ઞા પ્રમાણે જેથી શરિર અને આત્મા પવિત્ર થવા, અને જે જે વસ્તુ ૭૬

* અહી સ્નાનનું કારણ કહેવું. જેમકે સ્નાન કરૂં છું. 'સ્ત્રી સંગનું,' 'વિર્ય ખલિતનું,' તેમજ જે લાઇ સુતકાદીનાં સ્નાનો કરવા પડે તેના નામ લેવા. સ્ત્રી જાતીએ પણ 'પુરૂષસંગ' નું. 'કે રજસ્વાલાનું,' 'બાળક જન્મનું' આદિ જે સ્નાનો કરવાની આજ્ઞા સદ્દગોરે કરેલી છે તે સર્વના નામ તેનાં સ્નાન કરવા સાથે સંકલપમાં લેવા.

**એમાંપવિત્ર થવાની છે તે સાથે, ફર્માન પીર શાહ હક્કલાએ-
લાહા ઇલ્લિલ્લાહો મહમ્મદુ ર્સુલ્લિલાહે.**

૯

નોટ—ઉપરનો મંત્ર દરેક સ્ત્રી પુરૂષે યાદ રાખવાનો છે ને દરેક પ્રકારનાં સ્નાન સાથે ભણવાનો છે. ગ્રહસ્થાશ્રમ ભોગવી, જંગલ, (દિશાએ-વાડામાં-ખર્ચુ જઇ, રજસ્વાલા વિગેરે વિગેરે તમામ સમે જેને જે સ્નાનનો સમય લાગે તે ટાણે સ્નાન કરવાનું છે. જરાવાર પણ અગલાઇ (ગંદવેડા) મેલાપણું રાખવાનું નથીં. તે દરેક સતપંથીની મુખ્ય ફરજ છે.

સ્નાન કરવાની વિધિ.

——:o:——

પ્રથમ સર્વ અંચવો, એટલે સાંધાના ભાગ ધોઈ પવિત્ર કરી, પછી પ્રથમ માથું ધોવું, પછી જમણો અંગ ધોવો, પછી ડાબો અંગ ધોવો. સાંધે. સાંધે, ને શરીરના દરેક ભાગમાં પાણી પોહોચાડવુંજ.

—— o ——



હમારે ત્યાં મળતા પુસ્તકોનું લિષ્ટ.

છાપેલા તૈયાર હાલમાં છે તે.

૧	ભાભારામ સુબોધ.	રૂ. ૧—૪—૦
૨	સત્પંથી આજ્ઞાપત્ર.	રૂ. ૧—૮—૦
૩	સત્પંથ સંબંધિ ટુંક નિવેદન. કાચું પુઠું.	રૂ. ૦—૪—૦
	,, ,, પાકું પુઠું.	રૂ. ૦—૮—૦
૪	મૃગોદ્ધાર.	રૂ. ૦—૬—૦
૫	મોક્ષદ્વાર.	રૂ. ૦—૫—૦

૬ ભકતની શોધ.	રૂ. ૦—૩—૦
૭ ઇમામશાહ બાવાની પરછા.	રૂ. ૦—૩—૦
૮ મોહોરનાં દર્શનના પાના.	રૂ. ૧—૦—૦

———:o:———

છાપવા આપેલા પુસ્તકો હાલ પ્રેસમાં છે.

———:o:———

૧ નાયાકાકાનો સંવાદ.

૨ સંતવાણી.

———:o:———

છાપવાનાં તયાર પુસ્તકો.

૧ બુદ્ધા અવતાર મોટો.

૨ સત્પંથ ચેતામણી.

૩ સત્પંથની સમજ. (નારણ ગોપાલ યુવક મંડલ, તથા નારણ રામજી વગેરે સત્પંથના વિરોધીયોને સામટો જવાબ.

૪ સત્પંથ સોધામણી.(ધર્મસંસ્થાની વ્યવસ્થાની નોંધ.)

——(૦)——

લી. સૈયદ બાવાસાહેબ અહમદઅલી. (ખાકી.)

મુ. પીરાણા પો. ગીરમથા.

ડી. અહમદાબાદ. દે. ગુજરાત.

ધર્મિ થવાની કૂંચી.

"ધર્મિ" ફક્ત કંઠી બંધાએ, કાન ફુંકાએ, કાંકણ ભરાએ, પ્યાલા પીધે, હાથ લીધે કે ધર્મ પુસ્તકો વાંચી મોટા, મોટા રાગડા તાણે થવાતું નથી.

"ધર્મિ" તો ધર્મશાસ્ત્રોની આજ્ઞાઓ માનેથીજ થવાએ છે.

"ધર્મિ" થવું હોય તો સત્પંથના મુખ્ય "પાંચ નિયમો" પાળતા શિખો, અને ઉપરનો ખોટો ડોળ ત્યાગી, સુદ્ધ અંતઃકરણથી ક્રિયા આચાર આચવવા ઉમંગી બનો.